ગાંધીનગર સમાચાર
તા. ૧-૭-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### વડાપ્રધાન તરીકે મોદીની પ્રાથમિકતાઓ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીસમી જૂને કેદારનાથનાં દર્શન કરવા જવાના હોવાથી ચર્ચા ચાલતી હતી ત્યાં તેઓએ પ્રાયોરિટી લેખે શ્રી હરિકોટામાં પીએસએલવી-૨૩ના પ્રક્ષેપણ પ્રસંગે હાજરી આપવાનું પસંદ કર્યું તે સૂચક છે. ધર્મ અને વિજ્ઞાન વચ્ચે એમણે વિજ્ઞાનની ઐતિહાસિક ઉડાનના સાક્ષી બની આધુનિક વિશ્વના અગ્રદૂત બનવાની ક્ષમતા ભારતમાં અને ભારતના વર્તમાન નેતૃત્વમાં હોવાની પ્રતીતિ કરાવી છે. ભારતીય જનતા પાર્ટીનો ભગવો ચહેરો જોઇ એને પરંપરાવાદી અને આધુનિકતા વિરોધી ચીતરવાના પ્રયાસો થતા રહ્યા છે. નરેન્દ્ર મોદીએ અડવાણીના નેતૃત્વ હેઠળ સોમનાથથી અયોધ્યા સુધી જનારી ઐતિહાસિક રામજન્મભૂમિ રથયાત્રાના સારથિનો પાઠ ભજવ્યો હતો, તે યાદ હશે. એ જ મોદી ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર ઘોષિત થયા પછી રામલલાનાં દર્શન કરવાનું ટાળે છે. વિકલ્પે ઉત્તરપ્રદેશનો હવાલો સંભાળનારા એમના જમણા હાથ જેવા ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી અમિત શાહને એમની પ્રચાર ઝુંબેશ પૂર્વે અયોધ્યા જઇ રામલલાનાં દર્શન કર્યા પછી જ કાર્યારંભ કરવાનું ‘સૂઝે’ છે. આમ, સમયાંતરે દેશકાળ અને લોકમાનસને અનુરૂપ વડાપ્રધાન મોદી એમના કાર્યક્રમોની અગ્રતા નક્કી કરે છે. સાંઇ-શંકરાચાર્ય વિવાદથી એ છેટા રહ્યા છે. શ્રી હરિકોટામાં ફ્રાંસ, કેનેડા, જર્મની અને સિંગાપુરના સેટેલાઇટ અંતરિક્ષમાં સ્થાપિત કરવાના ભારતીય અવકાશ વૈજ્ઞાનિકોના અભિયાનમાં સદેહે ઉપસ્થિત રહી એમણે વિજ્ઞાનક્ષેત્રે ભારત એશિયાનું જ નહીં બલકે વૈશ્વિક નેતૃત્વ કરવાની ક્ષમતા ધરાવે છે, એની પ્રતીતિ કરાવી. મોદીએ ‘સાર્ક સેટેલાઇટ’ વિકસાવી પાડોશી રાષ્ટ્રોનું સંકલન સાધી ભારતને વૈશ્વિક નેતૃત્વ કેળવવા હાકલ કરી. આમ, તેઓ અનેક વ્યવધાનો વચ્ચે પણ એમના ‘મિશન’ ‘ગ્લોબલ લીડરશીપ’ માં આગળ વધી રહ્યા હોવાનો સંકેત આપી વિપક્ષોને પોતાના મજબૂત ઇરાદાનો પરચો આપી દીધો છે. એક રાષ્ટ્રનેતા તરીકે મોદી પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ અને દંતકથારૂપ ઇન્દિરા ગાંધીનાં પેંગડામાં પગ ઘાલવાનો પુરૂષાર્થ કરી રહ્યા છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય. પોતાને સત્તાગ્રહણ સમયનો હનીમૂન પિરીયડ પણ નહીં મળ્યો હોવાનું ટ્વિટ કરનાર મોદીએ દિવસનાં સોળથી અઢાર કલાક કામ કરી પંડિત જવાહરલાલ નહેરૂના સૂત્ર ‘આરામ હરામ હૈ’ને જીવનમાં ઉતાર્યું છે. એમની મૂળ છાપ કટ્ટર હિંદુત્વવાદી નેતા તરીકેની હોવા છતાં તેઓએ સત્તા સંભાળ્યા પછી ‘સૌનો સાથ-સૌનો વિકાસ’ સૂત્ર આચરણમાં મુકીને નવો આદર્શ ચીંધ્યો છે. ભારતીય જનતા પાર્ટીની સાંપ્રદાયિક છબી સાથે મોદી રાષ્ટ્રીય ફલક પર ઉદારમતવાદી વાજપેયીના સાચા વારસ બનવા પ્રયાસરત છે. એમની નિષ્ઠા અને કાર્યદક્ષતા સામે ભાગ્યે જ આંગળી ચીંધી શકાય એમ છે. પરંતુ ચૂંટણી ઝુંબેશટાણે એમને જનસાધારણમાં એટલી મોટી અપેક્ષાઓ જગાડી છે કે હવે લોકો એમનાં વચનોને યાદ કરાવી વહેલી તકે એ દિશામાં નક્કર કામગીરી થાય એવી આશા સેવે તે સ્વાભાવિક છે. મોંઘવારી જેવી સમસ્યા ઉપરાંત સરહદો પર ચીન-પાકિસ્તાન જેવા પાડોશી દેશો દ્વારા થતી ઘૂસણખોરી સામે ત્વરિત પગલાં નહીં લેવાય તો મોદી વાઘનું મહોરું પહેરેલ સસલું સાબિત થશે. મોદીને ખબર છે કે પ્રજા તો રાજા રામની પણ થઇ નથી. પ્રજા પર પોતાની ભુરકી કાયમ રાખવા માટે જ મોદી કેદારનાથ કરતાં શ્રીહરિકોટાના ઉપગ્રહ પ્રક્ષેપણના કાર્યક્રમને અગ્રતાક્રમે મુકે છે.



ગાંધીનગરની સુપ્રસિદ્ધ કેળવણી સંસ્થા સર્વ વિદ્યાલય કડી કેમ્પસ, સેકટર-૨૩ ખાતે શનિવાર તા. ૨૮-૬-૨૦૧૪ના રોજ ક્રિએટીવ ઝોન તથા શ્રી વી. એમ. પટેલ કુમાર બાલમંદિર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરના સંયુક્ત ઉપક્રમે બાળકો માટે ‘‘રથયાત્રા’’નું સુંદર આયોજન કરી કેમ્પસની અંદરના માર્ગો પર ફેરવવામાં આવી હતી. આ રથયાત્રામાં આચાર્યશ્રી, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને સંસ્થામાં આવેલી વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓએ રથયાત્રાનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

## ગાંધીનગર સ્થિત મહારાણા પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાયો




ગાંધીનગર

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન ગાંધીનગર દ્વારા સ્ટ્રેચ મેનેજમેન્ટનો ત્રિદિવસીય વર્કશોપ યોજાઈ ગયો. ગત તારીખ ૨૭ થી ૩૦જૂન, ૨૦૧૪ દરમ્યાન ગાંધીનગરના સેકટર-૩૦ સ્થિત શ્રી પ્રતાપસિંહજી હિંદી વિદ્યાલય ખાતે યોજાયેલ આ વકર્શોપમાં ધોરણ.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં વિષય નિષ્ણાત શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીઓને સ્ટ્રેસ ઉત્પન્ન કરતા કારણો તથા તેના નિવારણના વૈદિક ઉપાયો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

યોગ નિષ્ણાત શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ ધ્યાનના માધ્યમથી કેવી રીતે મનને શાંત તેમજ નિયંત્રિત કરી શકાય તેની જાણકારી આપી હતી. તેમણે માનવીના મસ્તિષ્કને વધારે કાર્યક્ષમ બનાવવામાં પ્રાણાયામ કઈ રીતે ઉપયોગી થાય છે તેની સમજ આપી હતી. પાતંજલ યોગશાસ્ત્રના આધારે પ્રાણાયામ કયારે, કેટલા અને કઈ રીતે કરવા તેની સમજ આપી બાહ્ય પ્રાણાયામનો ક્રિયાત્મક અભ્યાસ કરાવ્યો હતો. પ્રાણાયામની વ્યાખ્યા રજુ કરી તેનો લાભ કયા પ્રકારે વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય છે તે સમજાવ્યું હતું.

આ વર્કશોપના અંતિમ સત્રમાં માર્ગદર્શન આપવા પોલીસ ઈન્સ્પેકટર શ્રી પી.એ. વલેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પોલીસથી ન ડરવાની સલાહ આપતા કહ્યું હતું કે પોલીસ અપરાધીઓ પ્રત્યે કઠોર વલણ ધરાવે છે.પરંતુ સામાન્ય નાગરિક માટે પોલીસનું વલણ સારું જ હોય છે. તેમણે વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની મુલાકાત લેવા તથા પોલીસ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીની પ્રક્રિયા જાણવા આમંત્રણ આપ્યું હતું.

સમાપન પ્રસંગે પોતાના વકતવ્યમાં શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતું કે ખોટી માન્યતાઓના કારણે આપણે અકારણ સ્ટ્રેસ ઉત્પન્ન કરતા હોઈએ છીએ. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસ સંબંધિત, માતાપિતા તથા ગુરુજનો સાથેના વ્યવહાર સંબંધિત જે ખોટી માન્યતાઓ, ગેરસમજો હતી તેને દૂર કેવી રીતે કરવી તે અંગેની જે જાણકારી વર્કશોપ દરમ્યાન આપી હતી. વૈદિક પ્રવકતા શ્રી અવધેશપ્રસાદ પાંડેયએ વિદ્યાર્થીઓને માતાપિતા તથા ગુરુ પ્રત્યે મનમાં આદર તથા શ્રદ્ધાભાવ રાખવા પ્રેરણા આપી હતી. યુવા વૈદિક પ્રચારક શ્રી ભગીરથ પટેલે પોતાના વ્યાખ્યાનમાં માનવશરીર રચનાની કોમ્પ્યુટર સાથે સરખામણી કરી મનને કેવી રીતે નિયંત્રણમાં રાખવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

વર્કશોપના પ્રતિભાવ આપતા શાળા પરિવારના ટ્રસ્ટી શ્રીમતી શોભનાબા વાઘેલાએ કહ્યું હતું કે છેલ્લા ૮ વર્ષથી સતત ચાલતા આ વર્કશોપના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ તથા વ્યવહારમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આવા વર્કશોપ સતત યોજાતા રહે તેવી લાગણી વ્યકત કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં શાળાના આચાર્ય શ્રી યુવરાજસિંહ વાઘેલાએ અતિથિ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી આવા વર્કશોપથી ભૂતકાળમાં વિદ્યાર્થીઓને થયેલ લાભોના સંસ્મરણો વાગોળ્યાં હતાં.

## રાજયના શિક્ષણ ખાતાના કારકુનો આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા.૩૦

રાજયના શિક્ષણ ખાતાના કારકુનોનું વહીવટીતંત્ર કમિશનરશ્રી શાળાઓ દ્વારા ચલાવવામાં આવે છે. કારકુન સંવર્ગના પ્રશ્નો વર્ષોથી અણઉકલ્યા રહેલ છે. જે માટે શિક્ષણ વિભાગ અને કમિશનરશ્રી સંકળાયેલા છે. કોઈ પ્રશ્ન માટે જવાબ પણ મળતો નથી. રાજયના શિક્ષણ મંત્રીને કરવામાં આવેલ અનેક રજુઆતો વ્યર્થ ગયેલ છે.

જુલાઈમાં આંદોલનના કાર્યક્રમની જાણ થતાં શિક્ષણ વિભાગે ઓગસ્ટમાં બેઠક ગોઠવેલ છે. આંદોલનની જાણ થતાં ચર્ચા કરવાનું આહવાહન મળ્યું છે.

કારકુનોના પ્રાણપ્રશ્નો, ખાતાકીય પરીક્ષાનું આયોજન, શિક્ષણ વિભાગનો તા. ૨૩-૭-૯૯નો ઠરાવ રદ કરવા બાબત. નવી બાબતો માટે સ્ટાફ મંજુર કરવો. તા. ૯-૯-૯૮ના કરકસરના ઠરાવમાંથી મુકિત આપવી હંગામી જગ્યાઓ કાયમી કરવી, કેડરોનું રીસ્ટ્રકચરીંગ કરવું વગેરે પ્રશ્નો છે.

## જે.બી. પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

કડી સ્કૂલ સે. ૨૩ માં આવેલ જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલયમાં શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. શાળામાં ધોરણ-૧ માં નાના ભુલકાઓની પગલીઓ પાડવામાં આવી હતી.

‘વિદ્યા અમારી શક્તિ છે, વિદ્યા અમારી ભક્તિ છે, વિદ્યા અમારી સંપત્તિ છે.’ ‘દરેક બાળકને ભણાવો, આવો પ્રવેશોત્સવ મનાવો’ -જેવા નારા સાથે વિદ્યાર્થીઓને કુમકુમનો ચાંદલો કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. અને દરેક બાળકે વિદ્યાની દેવી મા સરસ્વતીને વંદનસહ પ્રાર્થના કરી શાળામાં પ્રવેશ કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોએ સુંદર વેશભૂષામા તૈયાર થઈ કાર્યક્રમને અનોખો રંગ આપ્યો હતો અને કાર્યક્રમને દિપાવ્યો હતો. સાથે સાથે રથયાત્રાને અનુરૂપ ફણગાવેલા મગ અને કાકડી જેવો પૌષ્ટિક પ્રસાદ આપવામાં આવ્યો હતો.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં શેઠ સી.એમ. હાઈસ્કૂલનાં આચાર્ય બચુભાઈ પટેલ, શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલ તથા શાળા પરિવાર સાથે રહી વિદ્યાર્થીઓને પેન્સિલ અર્પણ કરી તેમનું ભાવી તેજસ્વી બને અને શાળા તથા પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




સ્વચ્છતા પર હતુ, મુછો કઢાવશે હવે, એવુ લાગે છે...!

## રોહિત સમાજ ઉત્કૃષ્ટ ટ્રસ્ટ ગરીબ વિદ્યાર્થીઓને ચોપડા આપશે

ગાંધીનગર, તા. ૩૦

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ સમાજના ગરીબ વિદ્યાર્થીઓને નોટબુક અને ચોપડાનું વિતરણ કરશે. ટ્રસ્ટ દ્વારા ફક્ત ગ્રામ્ય વિસ્તારના ધોરણ ૫ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવશે. ઉપર જણાવેલ મુજબ સહાય મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તા. ૬ જુલાઈ સુધીમાં નામ સરનામા સાથે માર્કશીટની નકલ સમાજના કાર્યાલય પર પહોંચતી કરવી.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

➔ વર્ષ ૨૦૧૪ ગુજરાતમાં કાર્યરત કઇ યોજનાને સમગ્ર ભારતમાં લાગુ કરવાતો નિર્ણય લેવામાં આવ્યો?
જ. **જયોતિગ્રામ યોજના**
➔ વર્ષ ૨૦૧૪માં ભારતીય મૂળના કયા લેખકને પેનપિંટર પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે?
જ. **સલમાન રૂશ્દી**
➔ વર્ષ ૨૦૧૪ જૂન માસમાં ભારતની મુલાકાતે આવેલા ‘દિમિત્રી ઓ રોગોજિન’ કયા દેશના ઉપ પ્રધાનમંત્રી છે?
જ. **રૂશ**
➔ FDI (ફોરેન ડાયરેક્ટ ઇનવેસ્ટમેન્ટ) અને FII (ફોરેન પોર્ટફોલિયો ઇનવેસ્ટમેન્ટ)ની પરિભાષામાં સુધારા માટે ભારતમાં કઇ સમિતિ કાર્યરત છે?
જ. **માયારામ સમિતિ**
➔ વર્ષ ૨૦૧૪માં આયોજીત ફિડે વર્લ્ડ રેપિડ ચેમ્પિયનશીપમાં કોણ વિજેતા જાહેર થયું છે?
જ. **મેંગનસ કાર્લસેન**
➔ વર્ષ ૨૦૧૪માં કઇ આરોગ્ય સેવા આપતી હોસ્પિટલ સમૂહને ‘ગલુપ વર્કપ્લેસ એવોર્ડ’ એનાયત કરવામાં આવ્યો છે?
જ. **અપોલો હોસ્પિટલ**
➔ વર્ષ ૨૦૧૪ જૂન માસમાં જાહેર કરવામાં આવેલ ‘IUCN રિપોર્ટ’ અનુસાર કયા જીવન લુપ્ત થતા જીવોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે?
જ. **જાપાની ઇલ માછલી**
➔ તાજેતરમાં કેન્દ્રીય નાણાં મંત્રાલયના રાજસ્વ સચિવ પદનો કાર્યભાર કોણે સંભાળ્યો હતો?
જ. **શક્તિકાંત દાસ**
➔ વર્ષ ૨૦૧૪ ભારત રત્ન જે. આર. ડી. ટાટા. પુરસ્કાર માટે કોની પસંદગી કરવામાં આવી હતી?
જ. **સોમસુંદરમ્**
➔ વર્ષ ૨૦૧૪માં કેન્દ્રના કયા મંત્રાલય દ્વારા ‘પ્રધાનમંત્રી ગ્રામ સિંચાઇ યોજના’નો પ્રારંભ કરવામાં આવ્યો છે?
જ. **કૃષિ મંત્રાલય**
➔ તાજેતરમાં પ્રકાશિત થયેલ ‘વનલાઇફ ઇઝ નોટ ઇનફ’ કયા ભારતીય રાજનેતાની જીવનકથા છે?
જ. **નટવરસિંહ**
➔ વર્ષ ૨૦૧૪માં સમગ્ર વિશ્વમાં કયા દિવસે વિશ્વ રક્તદાન દિવસ મનાવવામાં આવ્યો હતો?
જ. **૧૪ જૂન**
➔ તાજેતરમાં પ્રકાશિત ‘દ અનટોલ્ડ સ્ટોરી’ પુસ્તકના લેખક કોણ છે?
જ. **તમલ બંધોપાધ્યાય**
➔ મિસ મારવાડી નેપાળ-૨૦૧૪નો ખિતાબ કોણે જીત્યો હતો?
જ. **દક્ષિણા અગ્રવાલ**
➔ વર્ષ ૨૦૧૪ ભારતે કયા આંતરરાષ્ટ્રીય સહયોગ પર હસ્તાક્ષર કર્યા છે?
જ. **વોશિંગ્ટન પોસ્ટ**
➔ વર્ષ ૨૦૧૪માં ભારતના કયા વૈજ્ઞાનિક ને UNCLCS સંસ્થાના સભ્ય તરીકે પસંદગી કરવામાં આવી છે?
જ. **રસિક રવીંદ્ર**
➔ વર્ષ ૨૦૧૪ રાજસ્થાનના જોધપુરમાં કયા નામે સૈન્ય અભ્યાસ કાર્યક્રમ યોજાયો હતો?
જ. **ગરુડ**
➔ તાજેતરમાં આઇ.સી.સી.ના ત્રણ પુરસ્કાર પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય કેપ્ટન કોણ છે?
જ. **રવિ શાસ્ત્રી**
➔ વર્ષ ૨૦૧૪માં પ્રતિષ્ઠિત ફોર્બ્સ મેગેઝીનની ૧૦૦ ધનિક ખેલાડીઓની યાદીમાં ભારતના કયા એક માત્ર ખેલાડીને સ્થાન આપવામાં આવ્યું છે?
જ. **મહેન્દ્રસિંહ ધોની**
➔ વર્ષ ૨૦૧૪માં ઇઝરાઇલના નવા રાષ્ટ્રપતિ તરીકે કોની નિમણુંક કરવામાં આવી છે?
જ. **રેઉવેન રૂબી રિવ્લિન**

## ફરિયાદો કરવાથી કે વાતો કરવાથી અંધકાર દૂર થતો નથી, તે માટે તો કોઇકે વાટ-તેલ તથા દિવાસળી ભેગા કરવા પડે!

આજકાલ ટેલિવિઝન અને અખબારોમાં અનેક પ્રકારના નકારાત્મક સમાચારોની ભરમાર જોવા મળે છે. પરંતુ સમાજમાં સારી ઘટનાઓ બનતી જ ન હોય તેમ માનવું ભૂલભરેલું છે. એવું બની શકે કે આવી સારી ઘટનાઓ આપણા સુધી પહોંચતી ન હોય! રણમાં પણ મીઠી વીરડીઓ હોય છે જ! આવ એક નાના પણ મહત્ત્વના સમાચાર થોડા દિવસો પહેલાં કેટલાક માધ્યમોએ પ્રસારિત કર્યા! આ સમાચારનું મહત્ત્વ એટલા માટે જ છે કે, નાના પાયે થોડા વિચારશીલ લોકોએ નિ:સ્વાર્થ ભાવે કરેલા કામનું સમાજ ઉપયોગી પરિણામ જોવા મળ્યું છે!

એક ઉત્તમ શિક્ષક એ નથી કે જે બાળકને ગોખણપટ્ટીથી પરીક્ષામાં સારી રીતે ઉત્તીર્ણ કરાવી દે. ઉત્તમ અને ઉમદા શિક્ષક એ છે કે જે બાળકના શારીરિક તેમ જ માનસિક વિકાસ બંનેને એક સરખું મહત્ત્વ આપે! આવા જ એક ઉમદા શિક્ષક છે દિલીપ ભલગામીયા. તેઓ બોટાદની તાલુકા શાળાના આચાર્યપદે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે. તેમનું ધ્યેય તેમની શાળામાં આવનારી તમામ વિદ્યાર્થીઓના ભણતરની ચિંતાની સાથોસાથ તેઓનું હિમોગ્લોબીન વધે અને તેઓ એનીમીયામુક્ત બને તે માટે સતત કાર્યરત રહેવાનું છે! અને આ માટે માત્ર મુઠ્ઠીભર કઠોળ બાળકોને અઠવાડિયામાં એક જ વાર આપવાની તેમને આ મિશનની શરૂઆત કરી.

૨૦૧૧માં જયારે એકવાર શાળામાં હીમોગ્લોબીન ચેક-અપ માટેનો કેમ્પ યોજાયો ત્યારે તેના રીપોર્ટસ સૌને માટે આઘાત અને આશ્ચર્ય પમાડે તેવા હતા! આ રીપોર્ટ અનુસાર છઠ્ઠા ધોરણથી આઠમા ધોરણમાં ભણતી વિદ્યાર્થીનીઓમાં આશરે ૨૦૦ જેટલી વિદ્યાર્થીઓનું હીમોગ્લોબીન જરૂર કરતાં ઓછું હતું. જે ખરેખર અત્યંત ચિંતાનો વિષય ગણાય!

મોટા ભાગે ગામડાની સરકારી શાળાઓમાં હાજરીનો પ્રશ્ન હંમેશ રહેતો હોય છે અને તેમાંય છોકરીઓ તો આ બાબતમાં ઘણી અનિયમિત હોય છે! આ વિષે શાળાના સંચાલકો અને શિક્ષકો કારણ શોધવા પણ મથતા હોય છે. પરંતુ દિલીપભાઇ ભલગામીયાના જણાવ્યા પ્રમાણે તેમની ‘એનીમીક હેલ્થ કંડીશન’ આ માટે મહદંશે જવાબદાર હતી. ઓછા હિમોગ્લોબીનને કારણે તેમનું ભણવામાં મન લાગતું ન હતું. પરંતુ અન્ય લોકોની જેમ સિસ્ટમને કે સમાજને દોષી માનીને બેસી રહેવાને બદલે બોટાદની આ કન્યા-શાળાના શિક્ષકોએ અને આચાર્યશ્રીએ સાથે મળીને આ પરિસ્થિતિને બદલવાની ઝુંબેશ આદરી. તેઓએ ડોકટરોની મદદથી શાળાની છાત્રાઓને કઇ રીતે કુપોષણથી બચાવી શકાય તે અંગે વિસ્તૃત વાટાઘાટો પણ કરી.

ડોકટરો સાથે થયેલી ચર્ચાઓને અંતે ધ્યાનમાં આવ્યું કે આ બાળાઓને ફણગાવેલા કઠોળ આપીને તેમની એનીમીક સ્થિતિમાં સુધારો કરી શકાય. અને આ માટે દિલીપભાઇએ દરેક બાળાઓને તેમજ શાળાના શિક્ષકોને અઠવાડિયામાં એક દિવસ એક મુઠ્ઠીભર કઠોળ લઇ આવવા સૂચન કર્યું. ત્યારબાદ મધ્યાહન ભોજન બનાવનાર રસોઇયાએ આ તમામ કઠોળ એકત્ર કરી તેને ફણગાવી દેવાની શરૂઆત કરી. ફણગાવેલા આ કઠોળમાં ડુંગળી, ટામેટાં, લીંબુ, લીલા મરચાં, તેમજ મીઠું નાખીને તેને ટેસ્ટફુલ કઠોળ ચાટ બાળાઓને નાસ્તામાં પીરસાવવા લાગી. ૨૦૧૧થી શરૂ કરવામાં આવેલ આ ભગીરથ કાર્યમાં સૌ બાળકો, શિક્ષકો તેમજ રસોઇયાઓનો અભૂતપૂર્વ સહકાર સાંપડ્યો. પરિણામે, દર શનિવારે બાળાઓને નાસ્તામાં આ પ્રકારની કઠોળ-ચાટ આપવાની આ નવતર પ્રથાની શરૂઆત થઇ. દિલીપ ભલગામીયા નોંધે છે કે, શનિવારે માત્ર અડધા દિવસની શાળા હોવા છતાં છાત્રાઓમાં પુષ્કળ ઉર્જાસંચાર અને તરવરાટ દેખાવા લાગ્યો!

### ચીલો ચાતરીને ચાલનારો વિચારસભા

- નેહલ જયદીપ ગઢવી

દિલીપ ભલગામીયા આઇ.આઇ.એમ. અમદાવાદમાંથી પોતાની ઉત્કૃષ્ટ અને નવતર કાર્યશૈલી માટે એવોર્ડ મેળવનાર ૧૦૦ પ્રાઇમરી શિક્ષકોમાંના એક છે! આ એવોર્ડ મેળવવા માટે ગુજરાત ઇનોવેટીવ એજ્યુકેશન કાઉન્સિલ (GIEC) અને ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનિંગ (GCERT) દ્વારા તેઓની પસંદગી થોડા મહિનાઓ પૂર્વે જ કરવામાં આવી. દિલીપ ભલગામીયાના આ નવતર ઉપાયને કારણે શાળામાં બાળાઓની હાજરીની સંખ્યામાં તો નોંધપાત્ર વધારો થયો જ પરંતુ, સાથોસાથ તેઓ વધુ તંદુરસ્ત અને ઉત્સાહી પણ દેખાવા લાગી! શાળામાંના અન્ય એક શિક્ષકના કહેવા અનુસાર છાત્રાઓ પોતાના લંચબોક્સમાં પણ હવે તો જંકફુડના બદલે કઠોળ લાવવા લાગી છે. આ ટેવની અસર તેમના પરિવારમાં પણ દેખાવા લાગી છે! તેમના પરિવારના સભ્યો પણ અઠવાડિયામાં એકવાર ફણગાવેલા કઠોળ ખાવાને કારણે તંદુરસ્ત અને વધુ સ્ફૂર્તિમય બની રહ્યા છે!

ગયા વર્ષે, જયારે ફરીથી આ શાળામાં હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન થયું ત્યારે મોટાભાગની છાત્રાઓનું હિમોગ્લોબીન ૧૦ સુધી પહોંચી ગયાનું ધ્યાનમાં આવ્યું. પોતાના આ અનુભવને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાના હેતુસર શાળાના શિક્ષકોએ તેમજ વિદ્યાર્થીઓને બોટાદની અન્ય ૭ શાળાઓમાં ફરીને પોતાના અનુભવો તેઓની સાથે પણ Share કર્યા.

શાળાઓમાં અત્યારે મા-બાપ અને શિક્ષકો તરફથી ચારે બાજુ બાળકો વધુ પડતું જંકફુડ ખાવાનું પસંદ કરે છે અને પૌષ્ટિક આહાર લેતા નથી તેવી બૂમ સંભળાઇ રહી છે. પરંતુ, આજથી જ જો દરેક શાળાના શિક્ષકો અને વાલીઓ તરફથી આ પ્રકારનો સાવ સાદો અને નાનો પ્રયોગ શરૂ કરવામાં આવે તો ચોક્કસપણે આપણે એક સ્વસ્થ બાળસમૂહની રચના કરી શકીશું! બાળકોની સાથોસાથ પરિવારના તમામ સભ્યોને પણ આ પ્રકારનો તંદુરસ્ત આહાર લેવાની ફરજ પડશે! પ્રખર તત્વચિંતક જે કૃષ્ણમૂર્તિ લખે છે કે “એક અજાયબભરી ઘટના એ છે કે માણસોને વકીલો કે દાકતરો થવા માટે બારે કેળવણી આપવામાં આવે છે. જયારે મા-બાપ થવાના અતિ મહત્ત્વના કાર્ય માટે લાયક થવા, એમને કોઇ પણ પ્રકારની તાલીમ લેવી પડતી નથી.” આપણે હંમેશા પોતાના પ્રશ્નોમાં ગુંથાયેલા રહીએ છીએ. પરિણામે, મા-બાપ પોતાના બાળકોની સુખાકારીની જવાબદારી શિક્ષકોને માથે નાખી દે છે અને શિક્ષકો બાળકોની કેળવણીની ફરજમા-બાપની માને છે! પરંતુ, આજના તંદુરસ્ત બાળકો જ આવતીકાલનું સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકશે!

**પાનબીડું :**

બાતેં તિમિર ન ભાજતી,
દીવા બાતી તેલ....

**- કબીર સાહેબ**

● ફરિયાદો કરવાથી કે વાતો કરવાથી અંધકાર દૂર થતો નથી. તે માટે તો કોઇકે વાટ-તેલ તથા દિવાસળી ભેગા કરવા પડે!